

અમદાવાદ મ્યુનિ. રહેણાંક-કોમર્શિયલ હેતુ માટેના ૨૨ પ્લોટ વેચીને ૨૫૦૦ કરોડની આવક કરશે

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રહેણાંક તથા કોમર્શિયલ હેતુ માટેના ૨૨ પ્લોટ કાયમી ધોરણે વેચીને રુપિયા ૨૫૦૦ કરોડની રોકડી કરવાનો નિર્ણય કર્યો છે. આ અંગે મંજૂરી માંગતી દરખાસ્ત આજે મળનારી સ્ટેન્ડિંગ કમિટિ સમક્ષ મુકવામાં આવી છે.

સરદાર પટેલ રીંગ રોડ ઉપર વસ્ત્રાલના કોમર્શિયલ હેતુ માટેના પ્લોટના વેચાણથી રુપિયા ૫૦૭ કરોડથી વધુ તેમજ ચાંદખેડાના કોમર્શિયલ હેતુ માટેના પ્લોટના વેચાણથી રુપિયા ૫૦૨ કરોડથી વધુની રકમ મળવાની મ્યુનિ. તંત્રને આશા છે. ૨૨ પ્લોટ પૈકી ૧૩ પ્લોટ કોમર્શિયલ તથા ૯ પ્લોટ રહેણાંક હેતુ માટેના છે. બોડકદેવ વોર્ડમાં નીમ ટ્રી રેસ્ટોરન્ટ પાસે આવેલા કોમર્શિયલ પ્લોટની પ્રતિ સ્કેવર મીટર રુપિયા ૨.૭૦ લાખ કિંમત મુકવામા આવી છે. વટવામા આવેલા રહેણાંક હેતુ માટેના પ્લોટની કિંમત પ્રતિ સ્કેવર મીટર રુપિયા ૪૦ હજાર મુકવામા આવી છે.

અમદાવાદ મ્યુનિ.ના રહેણાંક તથા કોમર્શિયલ હેતુ માટેના બાવીસ પ્લોટ ૯૯ વર્ષ માટે ભાડે આપવા માર્ચ મહિનાથી મ્યુનિસિપલ તંત્ર તરફથી જાહેરાત કરવામા આવતી હતી. લોકસભાની ચૂંટણી જાહેર થતા આચારસંહિતાના અમલના ઓઠા હેઠળ આ પ્લોટનુ ઈ-ઓકશન બે વખત મોકૂફ રાખવામા આવ્યુ હતુ. ૧૮થી ૨૧ જૂન દરમિયાન ઈ-ઓકશન કરવાની જાહેરાત બાદ મ્યુનિ.ના એસ્ટેટ મધ્યસ્થ વિભાગ તરફથી આજે મળનારી સ્ટેન્ડિંગ કમિટિ સમક્ષ બાવીસ પ્લોટ ૯૯ વર્ષના ભાડા પટ્ટે તબદીલ કરવાના બદલે કાયમી ધોરણે વેચાણથી નિકાલ કરવાની કાર્યપધ્ધતિ અપનાવવા તથા ૧૨ માર્ચના રોજ બહાર પાડવામા આવેલા ટેન્ડરમા જરુરી સુધારા વધારા કરી આ બાબતમા કાર્યવાહી કરવા મંજૂરી માંગવામા આવી છે.

મ્યુનિ.ના બાવીસ પ્લોટ ૯૯ વર્ષના ભાડા પટ્ટે તબદીલ કરવાના બદલે કાયમી ધોરણે વેચાણથી નિકાલ કરવા અંગે ક્રેડાઈ તથા ગાહેડ જેવી સંસ્થાઓ તરફથી રજૂઆત કરવામા આવી હોવાનુ સ્ટેન્ડિંગ કમિટિ સમક્ષ મંજૂરી માટે મુકવામા આવેલી દરખાસ્તમાં ઉલ્લેખ કરાયો છે. જે બાવીસ પ્લોટ કાયમી ધોરણે વેચાણથી આપવામા આવનાર છે તે શહેરના ૧૧ અલગ અલગ વોર્ડમાં આવેલા છે. ચાંદખેડા વોર્ડના ત્રણ રહેણાંક તથા બે કોમર્શિયલ હેતુ માટેના પ્લોટ ઉપરાંત બોડકદેવ વોર્ડના ત્રણ કોમર્શિયલ હેતુ માટેના પ્લોટ સ્ટેન્ડિંગ કમિટિ દ્વારા દરખાસ્ત મંજૂર કરાયા બાદ કાયમી ધોરણે વેચાણથી આપી દેવામા આવશે. ઉપરાંત થલતેજમાં એક રહેણાંક, મકરબાના બે કોમર્શિયલ હેતુ માટેના પ્લોટ તથા શીલજના એક રહેણાંક હેતુ માટેના પ્લોટનો સમાવેશ થાય છે. વસ્ત્રાલમા એક કોમર્શિયલ, વટવામા એક રહેણાંક, નિકોલમાં બે કોમર્શિયલ અને એક રહેણાંક, મોટેરામા એક કોમર્શિયલ તેમજ એક રહેણાંક હેતુ માટેના પ્લોટનો પણ સમાવેશ કરવામા આવ્યો છે. ઈસનપુર અને નારોલમા એક-એક કોમર્શિયલ પ્લોટ આવેલા છે. ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ પ્રશાંત દેસાઈ દ્વારા આપવામા આવેલા અભિપ્રાય મુજબ, અગાઉ પણ શહેર કોટડા વિસ્તારની પ્લોટ નંબર-૭૧ની જગ્યા ૯૯ વર્ષના લીઝ ઉપર આપવામા આવી હતી. સંસ્થા દ્વારા વર્ષ-૨૦૨૧માં મ્યુનિસિપલ કોર્પોરેશનને રુપિયા ૧૦.૪૫ કરોડ જેટલી રકમ ચૂકવી હતી. જો કે તે સમયે ટી.પી.ફાઈનલ થઈ નહી હોવાથી ત્યાં બાંધકામ નહી કરવાની શરત હતી. વર્ષ-૨૦૧૮માં ટી.પી.ફાઈનલ થયા બાદ તે જગ્યા ફેબુ?આરી-૨૦૨૪માં આ જગ્યાને વેચાણથી આપવામા આવી હતી. જો કે તે માટે તેની માર્કેટ કિંમત સરકારની મંજૂરીથી નકકી કરવી જોઈએ.

કરજણમાં નાયબ મામલતદાર રૂ.૧૦,૦૦૦ ની લાંચ લેતા ઝડપાયો

કરજણ

કરજણ મામલતદાર ઓફિસમાં લાંચ-રુશ્વત વિરોધી ખાતાએ લાંચનું છટકુ ગોઠવી એક નાયબ મામલતદારને રૂ.૧૦,૦૦૦ ની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે સમીર દીવાન નામનો નાયબ મામલતદાર વારસાઈમાં એન્ટ્રી પાડવા માટે રૂ.૧૦,૦૦૦ ની માંગણી કરી હતી મામલતદાર ઓફિસમાં એસીબીની ટ્રેપના પગલે ભારે ચર્ચા જાગી હતી. ઉલ્લેખનીય છે કે કરજણ મામલતદાર ઓફિસમાં વારંવાર કર્મચારી લાંચ લેતા ઝડપાય છે. અગાઉ પણ મામલતદાર કચેરીમાં સ્ટાફ લાંચ લેતા ઝડપાયેલા છે.

કરજણના ખેડૂત સાથે જમીન વેચાણના નામે ૧.૧૯ કરોડની ઠગાઈ, વડોદરાના પતિ-પત્ની સહિત ત્રણ ભેજાબાજો સામે ફરિયાદ

વડોદરા,

વડોદરા જિલ્લાનાં કરજણ તાલુકામાં જમીનના સારા ભાવની લાલચ આપી વડોદરામાં દંપતી સહિત ત્રણ ભેજાબાજોએ પશુપાલક સાથે ૧.૧૯ કરોડની છેતરપિંડી કરી હતી.

ડાહ્યાભાઇ રૂડાભાઇ ભરવાડ (રહે. જય સોમનાથ પાર્ક. જુની જીથરડી રોડ) એ કરજણ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૦માં ભરથાણા ગામની સીમમાં આવેલી બિનખેતી જમીન શૌકતઅલી બાપુ પાસેથી વેચાણે રાખી હતી. ત્યારબાદ જમીનમાં પશુપાલન અને દૂધના ધંધા અર્થે બે તબેલા બનાવી પશુપાલન કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો.

ધંધામાં પહોંચી નહિ વળતા જમીન અને તબેલો વેચવા કાઢ્યો હતો. સપ્ટેમ્બર-૨૦૨૦ માં દિપકભાઇ પરશોત્તમભાઇ પટેલ (રહે. ગેલેક્ષી બંગ્લોઝ, વાસણા-ભાયલી રોડ) વડોદરા ભરથાણ આવ્યા હતા. તેઓ દેણા ગામે ભાડેથી ગીર ગાયોનો તબેલો ચલાવતો હતો. બાદમાં તેમણે મારો તબેલો, મકાન, જમીન જોઈ હતી. અને કુલ રૂ.૨.૩૫ કરોડમાં સોદો નક્કી થયો હતો. બેંક લોનના રૂ.૧.૦૩ કરોડ ચુકવવાના બાકી છે. જેથી વેચાણ દસ્તાવેજ પહેલા તે ચુકવી આપવાના રહેશે. અને બાકીના રૂ.૧.૩૧ કરોડ આપવાના રહેશે તેમ નક્કી થયું હતું.

દિપકભાઇએ જણાવેલ કે, બેંકમાંથી તમારી પ્રોપર્ટી ખરીદવા માટેની લોન મુકી છે. આરટીજીએસ થકી તમારા રૂપિયા ચુકવી દઇશું. બાદમાં ટોકન પેટે રૂ. ૫૧ હજાર આપ્યા હતા.

જે બાદ અલગ અલગ રકમના ચેક આપવામાં આવ્યા હતા. જે પાસ થઇ ગયા હતા. દરમિયાન બેંકમાંથી લોન લેવાની હોવાથી જમીનના બાનાખત કરી આપવા માટે તેમણે જણાવ્યું હતું. અને બાનાખત કરાવી લીધા હતા. બાદમાં તેમની બેંક લોન ભરપાઇ કરવા નાણાંની જરૂરીયાત પ્રમાણે રૂ.૧.૦૩ કરોડ તેમના એકાઉન્ટમાં જમા કરાવવી દેવામાં આવ્યા હતા. બાદમાં બાકીના રૂ.૧.૨૫ કરોડની માંગણી કરતા પૈસા આપવામાં ગલ્લા-તલ્લા કર્યા હતા. ત્યાર બાદ રૂ.૧.૬૦ કરોડની કિંમતનો વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો. તે સમયે દિપકભાઇએ અલગ અલગ બેંકના ચેક આપ્યા હતા.

બાકીના રૂપીયા બાબતે પુછતા તેમણે કહ્યું કે, દસ્તાવેજમાં લખવા ખાતર લખેલ છે, અને અમે સમજુતી કરારમાં આ રકમ આવરી લઇએ છીએ, અને તમને ચેકો આપી દઇએ છીએ. બાદમાં તેમણે ઢોરો, ટ્રેક્ટર, ટ્રોલી-મશીન વેચી નાંખ્યા હતા.

બાકીના પૈસા માંગતા કોઇ પણ સરખો જવાબ મળ્યો ન્હતો. અંતે તપાસ કરતા માલુમ પડ્યું કે, દિપકભાઇ તથા અન્યએ વેચાણ દસ્તાવેજના આધારે બેંકમાંથી રૂ.૧.૮૦ કરોડની લોન લીધી છે. જેના હપ્તા ન ભરતા બેંકે જમીન મકાનોનો કબજો મેળવી લીધો છે. ઉપરોક્ત બનાવ અંગે દિપકભાઇ પરશોત્તમભાઇ પટેલ, ભારતીબેન દિપકભાઇ પટેલ અને મિલન દિપકભાઇ પટેલ (ત્રણેય રહે. ગેલેક્ષી બંગ્લોઝ, ભાયલી રોડ, વડોદરા) સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

જુનાગઢના સોનારડી નજીક કાર-બાઈકનો ગમખ્વાર અકસ્માત, બે યુવાનોના મોત

જુનાગઢ

ગુજરાતમાં અકસ્માતની ઘટનામાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ એક જુનાગઢમાં અકસ્માતની એક ગોઝારી ઘટના બની છે. સોનારડી નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો છે. જેમાં બે યુવાનોના મોત નીપજ્યા છે. જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

મળતી માહિતી અનુસાર, જુનાગઢના સોનારડી નજીક પાસે એક કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર બેકાબૂ થઈને રોડ સાઈડ લાગેલા પાઈપ સાથે ધડાકાભેર અથડાઈ હતી, જેના કારણે પાઈપ કારની આરપાર થઈ ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર બે યુવાનોનાં મોત નીપજ્યા છે. જ્યારે બે યુવતી સહિત ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

આ અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે પોલીસ દ્વારા તપાસ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કચ્છના લાકડીયા નજીક ચોથી જૂને ટ્રક અને ઈક્કો કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૬ લોકોના મોત નીપજ્યા હતા જ્યારે ત્રણ લોકોને ગંભીર ઈજા થવા પામી હતી. ગોંડલના દેરડી કુંભાજી ગામ ખાતે એક પરિવારના ચાર લોકોની અર્થી ઉઠતા ગામ હિબકે ચડ્યું હતું.

વડોદરાઃ નર્મદા, મહી નદી કાંઠાના ૨૩ સ્થળો પર જાહેરમાં નાહવા ધોવા પર પ્રતિબંધ મુકતા વિવાદ

વડોદરા,

વડોદરા શહેર જિલ્લામાંથી પસાર થતી મહીસાગર અને નર્મદા નદીમાં એક બાજુ અનેક જગ્યાઓ પર ગેરકાયદે રેતીખનનનો ધીકતો ધંધો ચાલી રહ્યો છે. તેને વહીવટી તંત્ર અટકાવવામાં નિષ્ફળ નીવડ્યું છે તો બીજી બાજુ આજે જિલ્લા કલેકટરે મહીસાગર અને નર્મદા નદી કાંઠાના ૨૩ જેટલા સ્થળો પર જાહેરમાં નાહવા ધોવા પર પ્રતિબંધ ફરમાવતો હુકમ જારી કર્યો છે જેને કારણે વિવાદ સર્જાયો છે.

વડોદરા શહેર જિલ્લામાં નર્મદા નદી અને મહીસાગર નદીમાં છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્ય સરકારે રેતી ખનન માટેના પરવાના આપી દીધા છે પરંતુ નર્મદા અને મહીસાગરમાં અનેક જગ્યાઓ પર ગેરકાયદે રેતી ખનન થતું રહે છે જેને કારણે પર્યટન અને આનંદ પ્રમોદ માટે આવતા લોકોનો ભોગ લેવાતો રહ્યો છે તાજેતરમાં જ નર્મદા અને મહીસાગરમાં ડૂબી જવાના અનેક કિસ્સા બન્યા છે જેમાં મુખ્ય કારણ રેતી ખનનથી પડેલા મોટા ભુવાને લીધે ડૂબી ગયાનું જણાઈ આવ્યું છે.

એક બાજુ રાજ્ય સરકાર પર પરિવર્તનને પ્રોત્સાહન આપવાની વાતો કરે છે તો બીજી બાજુ નદી કાંઠા વિસ્તારમાં આનંદ પ્રમોદ માટે અને ખાસ કરીને નર્મદા નદીમાં સ્નાન કરવાનું પુણ્ય પ્રાપ્ત કરવાની આસ્થા રાખીને આવતા અનેક લોકો માટે નિરાશાજનક નિર્ણય જિલ્લા કલેકટરે લીધો છે.

વડોદરા શહેર જિલ્લામાં અનેક જગ્યાએ નદી કાંઠાના ગામો પાસે રેતી ખનન થઈ રહ્યું છે જેમાં સરકારે કેટલીક જગ્યાએ પરવાનગી આપતી હોય છે તો તેનો ગેરલાભ ઉઠાવી રેતી માફિયાઓ આડેધડ ખોદકામ કરી ગેરકાયદે રેતી ખનનનો દિખતો ધંધો ચલાવી રહ્યા છે . તેને અટકાવવા માટે વહીવટી તંત્ર નિષ્ફળ નિવડ્યું છે તો બીજી બાજુ હવે જિલ્લા કલેકટરે નર્મદા નદી, મહીસાગર કાંઠા વિસ્તારના ગામો અને નર્મદા કેનાલ પર ૨૩ જગ્યા ઉપર જાહેરમાં નાહવા પર પ્રતિબંધ મૂકતો હુકમ જારી કર્યો છે જેને કારણે વિવાદ સર્જાયો છે.

શહેર જિલ્લામાં સુરક્ષાના હેતુસર જાહેર ૨૩ જેટલા જળ સ્ત્રોતો પર નાહવા-ધોવા પર જિલ્લા કલેકટરે પ્રતિબંધ ફરમાવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેર-જિલ્લાના વિવિધ ગામોએથી નર્મદા નદી પસાર થાય છે. જેમાં કોટણા, નારેશ્વર, ચાણોદ, સીંધરોટ, લાંછનપુર, દિવર, મઢી, જેવા ૨૩ ગામો અને નર્મદા કેનાલ પર જાહેર જળ સ્ત્રોતો પર નાહવા ધોવાથી વારંવાર ડૂબી જવાના બનાવો બનતા નિર્દોષ લોકોને જીવ ગુમાવવાનો વારો આવે છે. પરિણામે આવા તમામ જળ સ્ત્રોતો સહિત વિવિધ ૨૩ જગ્યાઓ પર નાહવા ધોવા પર જિલ્લા કલેકટર બકુલ શાહે તાત્કાલિક અમલથી પ્રતિબંધ ફરમાવ્યો હોવાનું જાણવા મળે છે.

વડોદરા ચોમાસાની સિઝન અને મુંબઈની ઘટનાને ધ્યાનમાં રાખીને વડોદરામાં ૧૧ દિવસમાં ૩૧૬ બોર્ડ ઉતાર્યા

વડોદરા, મુંબઈમાં ગયા મહિને ભારે પવન અને વંટોળથી મોટા હૉર્ડિંગ બોર્ડ તૂટી પડતા કેટલાય લોકોના જીવ ગયા હતા. આ ઘટના પરથી બોધપાઠ લઈ વડોદરા કોર્પોરેશનએ ચોમાસાની આગામી સિઝનને ધ્યાનમાં રાખીને ઉંચા અને જોખમી બોર્ડ નીચે ઉતારી લેવાનું શરૂ કર્યું છે. છેલ્લા ૧૧ દિવસ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાંથી આશરે ૩૧૬ બોર્ડ નીચે ઉતારી લેવામાં આવ્યા છે. જે હૉર્ડિંગ બોર્ડ ઊંચા છે તેને નીચે ઉતારી લઈ, તેની ઊંચાઈ ઓછી કરવામાં આવી રહી છે. આ સંદર્ભે કોર્પોરેશન દ્વારા એજન્સીઓ સાથે બેઠક પણ કરવામાં આવી હતી. હાઈટ ઓછી કરવા ઉપરાંત બોર્ડના લોખંડના સ્ટ્રક્ચર્સના પણ રિપોર્ટ માગ્યા છે. જો હાઈટ વધુ હશે તો તેને સેફ્ટી લેવલ સુધી લઈ જવા અને ઊંચાઈ ઘટાડવા સુધીનું પણ કહ્યું છે.

ICICI Home Finance | **કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.

શાખા ઓફિસ : પહેલો માળ, શકિત બિઝનેશ સેન્ટર, યુનાઈટેડ બેંકની ઉપર, મહેસાણા હાઈવે, મહેસાણા - ૩૮૪૦૦૨.

શાખા ઓફિસ : ચોથો માળ, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલની સામે, ઉધના દરવાજા, સુરત - ૩૯૫૦૦૨.

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ) **સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **ભૌતિક કબ્જો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ** અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ **"જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે" અને "જે છે તે"** પર વેચવામાં આવશે.

ક્રમ નં.	ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/કાયદેસરના વારસદાર નુંનામ લોન એકાઉન્ટ નંબર	જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો	બાકી લ્હેણી રકમ	અનામત કિંમત ---------- અર્નેસ્ટ મની ડીપોઝીટ	નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)
૧.	ઈશાન હિમાંશુ પઢીયાર (ઉધારકર્તા), હિમાંશુ ભીખાભાઈ પઢીયાર, સોનલ હિમાંશુભાઈ પઢીયાર (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. (LHMEH00001423115 & LHMEH00001423112)	પ્લોટ નં. ૦૯ પૈકી, ઉત્તર બાજુ, સી. એસ. નં. ૯૭૮૧ (સાઈટ મુજબ મિલકત નં. ૧૫), શીવમ પાર્ક સોસાયટી, માનસરોવર રેસીડેન્સીની પાસે, માનસરોવર લેક રોડ, પાલનપુર -૩૮૫૦૦૧.	રૂા. ૧૫,૭૩,૨૭૬/- ૦૪.૦૬.૨૦૨૪	રૂા. ૧૬,૫૫,૬૪૦/- ------ રૂા. ૧,૬૫,૫૭૦/-	૦૮.૦૭.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૬.૦૭.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૨.	જીતેન્દ્ર શ્રીરામ ચૌધરી (ઉધારકર્તા), સંગીતા દેવી (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. (LHSUR00001453059 & LHSUR00001453030)	પ્લોટ નં. ૩૪૯, ગ્રાઉન્ડ ફલોર વત્તા સીડી કેબીન (એસી શેડ), સ્ટ્રકચર, ગ્રીનપાર્ક, વિભાગ - ૩, રેવન્યુ સર્વે નં. ૮૩૮, ૩૯ અને ૪૦, જુનો બ્લોક નં. ૨૯, ન્યુ બ્લોક નં. ૩૧, સ્વસ્તિક પાર્ક, હલધારુ - પરબ રોડ, હલધારુ, કામરેજ, સુરત - ૩૯૪૩૧૦.	રૂા. ૧૧,૭૪,૬૫૬/- ૦૪.૦૬.૨૦૨૪	રૂા. ૧૦,૧૦,૮૮૦/- ------ રૂા. ૧,૦૧,૦૯૦/-	૦૮.૦૭.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૬.૦૭.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૩.	ગુપ્તા રાજેશ દયાશંકર (ઉધારકર્તા), મીરા દેવી (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. (LHSUR00001404687 & LHSUR00001404669)	શ્રી વિલા રેસીડેન્સી, વિભાગ - ૨, એપલ પુલ વિલાની પાછળ, આરાધના અંબે વેલી ની પાછળ, હલધારુ મોટા રોડ, બારડોલી - ૭૦, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૯.	રૂા. ૧૩,૪૫,૧૯૦/- ૦૪.૦૬.૨૦૨૪	રૂા. ૬,૦૦,૦૦૦/- ------ રૂા. ૬૦,૦૦૦/-	૦૮.૦૭.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૬.૦૭.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૪.	માહિરે સતિષ સુરેશ (ઉધારકર્તા), માહિર સુશીલાબેન (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. (LHSUR00001346741 & LHSUR00001346342)	આરાધના પ્લેટીનિયમ, વિભાગ - ૩, તુલસી પેપર મીલ, ઉમરેખ - બારડોલી, ૪૭૦, સુરત, ગુજરાત - ૩૯૪૩૧૦.	રૂા. ૮,૧૨,૮૬૫/- ૦૪.૦૬.૨૦૨૪	રૂા. ૬,૬૩,૯૯૦/- ------ રૂા. ૬૬,૪૦૦/-	૦૮.૦૭.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૬.૦૭.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી ગ્લોબટેક ની વેબસાઈટ : **(URL Link-/ https://BestAuction Deal.com)** પર હાથ ધરવામાં આવશે. ગીરો / નોટીસને **તા. ૧૫.૦૭.૨૦૨૪ સુધી સાંજના ૫.૦૦ વાગ્યા પહેલા** ચકત વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, અન્યથા આ સુરક્ષિત અસકયામતો ઉપરોકત શિડયુલ મુજબ વેચવામાં આવશે.

સંભવિત બિડરોએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, પહેલો માળ, શકિત બિઝનેશ સેન્ટર, યુનાઈટેડ બેંકની ઉપર, મહેસાણા હાઈવે, મહેસાણા - ૩૮૪૦૦૨, તા. ૧૫.૦૭.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, પહેલો માળ, શકિત બિઝનેશ સેન્ટર, યુનાઈટેડ બેંકની ઉપર, મહેસાણા હાઈવે, મહેસાણા - ૩૮૪૦૦૨** ખાતે **તા. ૧૫.૦૭.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નોંધણી ફોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) **પાલનપુર, સુરત** ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ - ઓકશનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત / અનુસૂચીત બેંકમાંથી હોવો જોઈએ. હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ વધુ સ્પષ્ટતા માટે કૃપા કરીને **૯૯૨૦૮૦૭૩૦૦ પર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ** અથવા અમારા સેલ્સ એન્ડ માર્કેટીંગ પાર્ટનર **NexXen સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમીટેડ** નો સંપર્ક કરો. અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **https://www.icicihfc.com/** ની મુલાકાત લો.

અધિકૃત અધિકારી,
આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ

તારીખ : ૦૮.૦૬.૨૦૨૪, સ્થળ : પાલનપુર, સુરત

વડોદરામાં જાહેર સ્થળોએ અને મોટી સંખ્યામાં લોકો એકત્રિત થતા હોય ત્યાં ફાયર NOC સહિતના પુરાવા ધંધાર્થીઓને પ્રદર્શિત કરવા કોર્પોરેશનની સુચના

વડોદરા, રાજકોટ અગ્નિકાંડ બાદ ગુજરાતમાં ફાયર એનઓસી, બિલ્ડીગ યુઝ પરમિશન, ફાયર સેફટી વગેરે મુદ્દે તંત્ર એકશનમાં આવ્યું છે, ત્યારે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ છેલ્લા કેટલાક દિવસોથી બિલ્ડીગો, શાળાઓ હોસ્પિટલો, હોટલો, થિયેટરો, દુકાનો ,ક્લાસીસ, ઓફિસો, શોરૂમ, પ્લે સ્કૂલ, મોલ વગેરે સ્થળે સીલ મારવાની કામગીરી ચાલી રહી છે ત્યારે જે સ્થળોએ લોકો મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય ત્યાં સલામતી અને સુરક્ષા જાળવવા ખાસ તાકીદ કરવામાં આવી છે.

આ ઉપરાંત જાહેર સલામતીને લગતા ફાયર એનઓસી, બિલ્ડીગ યુઝ પરમિશન, જરૂર હોય ત્યાં પોલીસ વિભાગની એનઓસી વગેરે પરવાના લોકો જાહેરમાં જોઈ શકે તે રીતે લગાવવાની સૂચના જારી કરવામાં આવી છે. મનોરંજન સ્થળો, ધાર્મિક સંસ્થાનો, આરોગ્યની સુવિધાઓ પૂરી પાડતી હોસ્પિટલો અને અન્ય જાહેર સ્થળોએ કે જ્યાં લોકો મોટી સંખ્યામાં ભેગા થતા હોય ત્યાં સલામતી જળવાઈ રહે તે ખાસ જરૂરી છે, અને આ માટે જરૂરી પરવાના કાયદાકીય જોગવાઈ અનુસાર મેળવવાના રહે છે. આવી જાહેર જગ્યાઓ પર લોકોને પોતાના જાનમાલની પુરી કાળજી લેવામાં આવી છે તે બાબતે લોકોમાં વિશ્વાસ ઉભો કરવા માટે જે તે સંસ્થાઓને પોતે લીધેલા આવા અગત્યના પરવાના જાહેરમાં લોકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવા કહ્યું છે. આવા જાહેર સ્થળોએ કે જ્યાં લોકો વધુ ભેગા થતા હોય ત્યાં મુખ્ય એન્ટ્રીમાં જ ૩×૨ ફૂટની જગ્યામાં ફાયર એનઓસીની વિગતો લોકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવા કહ્યું છે. આ ઉપરાંત તેઓના ધંધાના પ્રકાર મુજબ મેળવવાના થતા અન્ય પરવાના તેમજ એન.ઓ.સી ના પ્રમાણપત્રો, બિલ્ડીગ યુઝ પરવાનગીની વિગતો, ઓક્યુપેશન સર્ટિફિકેટની માહિતી વગેરે પણ લોકો જોઈ શકે તે રીતે લગાડવા કોર્પોરેશન દ્વારા સૂચના આપવામાં આવી છે.

ગઢડાના રળીયાણા-ઈંગોરાળાને જોડતો બિસ્માર રસ્તો મંજુર થવા છતા ઠાગા-ઠૈયા

ગઢડા, ગઢડા(સ્વા.) તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં લોકોના રોજીંદા વાહન વ્યવહાર માટેના રસ્તાઓની હાલત તદ્દન બિસ્માર હાલતમાં જોવા મળી રહી છે. આ ગંભીર બાબતે સત્તાધીશોની લાપરવાહી ગ્રામજનોમાં ટીકાને પાત્ર બની રહેલ છે. ગઢડા તાલુકાના રળીયાણા, પડવદર તેમજ ઈંગોરાળા (ગીરા)ને જોડતા તદ્દન બિસ્માર રસ્તાના કારણે લોકો પરેશાન થઈ રહ્યા છે. ડિઝીટલ અને ફાસ્ટ વાહન વ્યવહારના યુગમાં પરિવહન માટે સારા રસ્તાઓની ખૂબ જરૂરીયાત રહેતી હોય છે. આ પંથકના સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા મુજબ આ રસ્તાના નવિનીકરણ માટે રોડ અને બિલ્ડીગ વિભાગ તરફથી મુકવામાં આવેલા એસ્ટીમેન્ટ મુજબ રસ્તાનુ કામ મંજૂર કરી દેવામાં આવ્યુ છે. પરંતુ તંત્રવાહકોના ઉદાસીન વલણના કારણે મંજૂર થયેલા રસ્તાનું કામ હજુ સુધી શરૂ કરવામાં ન આવતા તંત્રના ઠાગા-ઠૈયા સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. આ રસ્તાની કામગીરી તાત્કાલિક અસરથી ચોમાસા પહેલા શરૂ કરી પૂર્ણ કરવામાં આવે તેવી ગ્રામજનો દ્વારા પ્રબળ માંગ કરવામાં આવી છે. આ માટે ગ્રામજનો તરફથી તાજેતરમાં જીલ્લા પંચાયતના માર્ગ અને બાંધકામ શાખાની બેદરકારી દૂર કરવા અને રસ્તાનુ કામ શરૂ કરવા માટે તાલુકા વિકાસ અધિકારી તેમજ ધારાસભ્ય સહિતના લાગતા વળગતા લોકોને લેખિતમાં રજૂઆત કરી રસ્તાનો પ્રશ્ન તાકીદે હલ કરવા માંગણી કરી છે. ચૂંટણીમાં મત માંગવા નિકળતા અને જવાબદાર લોકો પ્રજાની મૂળભુત જરૂરિયાત પૂરી કરવા માટે ઉદાસીનતા ખંખેરી ખરા અર્થમાં સાચી દિશામાં જરૂરી કામગીરી અને વિકાસને વેગ આપવા માટે પોતાની ફરજ નિપૂર્વક બજાવી લોકોની હાલાકી દૂર કરે તેવુ લોકો ઈચ્છી રહ્યા છે.

ગુજરાતમાં એક પછી એક અગ્નિકાંડ વચ્ચે ફાયર NOC રિન્યુઅલનું ધુપ્પલ, ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો

અમદાવાદ,

ગુજરાત રાજયમાં પાછલા પાંચ-છ વર્ષમાં સુરતના તક્ષશિલા અગ્નિકાંડથી લઈ રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ જેવી એક પછી એક દર્દનાક આગ દુર્ઘટનાઓ સર્જાવા વચ્ચે ફાયર વિભાગ દ્વારા બારોબાર પૈસા લઈ કેવી રીતે એનઓસી આપવામાં આવે છે અને રાજયભરમાં ફાયર એનઓસીના નામે કેવું ધુપ્પલ ચાલી રહ્યું છે તેનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

શહેરના સીટીએમ ચાર રસ્તા પાસે આવેલ આશાદીપ મેટનીટી એન્ડ નર્સિંગ હોમમાં ફાયર એનઓસી નહી હોવાથી ખુદ અમ્યુકોના એસ્ટેટ વિભાગ દ્વારા તા. ૩૧-૫-૨૦૨૪ના રોજ સીલ કરી દેવાયું હતું, હોસ્પિટલ સીલ હોવાછતાં ફાયર ઓફિસરે બે જ દિવસમાં ફાયર સેફટીના સાધન, ફાયર પ્રોટેકશન મેંઝર્સ સહિતની બાબતોનું ચેકીગ અને ઈન્સ્પેકશનુ કરી ફાયર એનઓસી(રિન્યુ) આપી દેવાયુ. પણ હવે આખાય પ્રકરણમાં ગંભીર સવાલો એ ઉઠયા છે કે, જે હોસ્પિટલ સીલ હોય તો કેવી રીતે શાધનાનું ચેકીગ, ઈન્સ્પેકશન અને મોકડ્રીલને વધુ કેવી રીતે થયુંપ??

આટલેથી વાત અટકતી નથી ખુદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ પણ અમદાવાદ સહિત રાજયભરમાં ચાલતા ફાયર એનઓસીના આ ધુપ્પલને લઈ આશ્ચર્યમાં પડ્યા છે કારણ કે, સમય અને સંજોગો પ્રમાણે તગડા પૈસા લઈને ફાયર એનઓસી રિન્યુ કરવાની પ્રવૃત્તિ ગેરકાયદે અને બારોબાર ધમધમી રહી હોવાનો આ બોલતો પુરાવો છે.

ભૌતિક કબ્જા નોટીસ

ICICI Home Finance | રજી.ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા -કુર્લા કોમ્પલેક્ષ, બાન્દ્રા (ઈસ્ટ), મુંબઈ -૪૦૦૦૫૧

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, જેબી નગર, અંધેરી કુર્લા રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૯

શાખા ઓફિસ : ચોથો માળ, કિશન કેપિટલ, બેંક ઓફ બરોડા પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત -૩૬૨૦૦૧

શાખા ઓફિસ : ત્રીજો માળ, ૩૦૧, નક્ષત્ર-૩, ૧૫૦ફીટ રીંગ રોડ, રાઓયા ટેલિફોન એક્ષચેન્જ પાસે, રાજકોટ -૩૬૦૦૦૭

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રકશન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ દેવાદારોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલકતનો ભૌતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. દેવાદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ પાસે આ મિલકત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલકતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	દેવાદારોનું નામ /સહ દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલકતોની વિગતો / કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ/ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા)	શાખાનું નામ
૧	રવિન્દ્રકુમાર પ્રવિણચંદ ચંદે (દેવાદાર) હર્ષા રવિન્દ્ર ચંદે (સહ દેવાદાર) **NHJGH00001266746**	બ્લોક નં.૧૫, કડિયાવાડ વસ્તા લઢા સ્ટ્રીટ જુનાગઢ-૩૬૨૦૦૧ (સંદર્ભ લોન નં.**NHJGH00001266746**), સિમાબદ્ધ : ઉત્તરમાં એડીજે હરજીવન જિવરાભાઈ, દક્ષિણમાં એડીજે કુંભાર રામજીભાઈ નારણભાઈ, પૂર્વમાં વસ્તા લઢા સ્ટ્રીટ, પશ્ચિમમાં એડીજે કુંભાર કાનાભાઈ ભિકાભાઈ/ કબ્જા તારીખ - ૦૨-જુન-૨૦૨૪	૧૦-૧૦-૨૦૨૨ રૂા. ૧૮,૦૩,૮૯૦.૦૦/-	જુનાગઢ-બી
૨	રમેશભાઈ એલ. રમાણી (દેવાદાર) પ્રવિણાબેન રમેશભાઈ રમાણી (સહ દેવાદાર) **NHJDN00001272779**	પ્લોટ નં.૫બી, સ્વામી નારાયણ મંદિર પાસે, તા.કોટડા સંગાની આર.એસ.નં.૧૯૦/૨ પૈકી, રાજકોટ-૩૬૦૦૦૧ (સંદર્ભ લોન નં.**NHJDN00001272779**) સિમાબદ્ધ : ઉત્તરમાં આ પ્લોટ પૈકી મિલકત, દક્ષિણમાં આ પ્લોટ પૈકી મિલકત, પૂર્વમાં આર.એસ. નં.૧૯૦ પી જમીન, પશ્ચિમમાં ૭.૫૦ મીટર પહોળો રોડ / કબ્જા તારીખ - ૦૨-જુન-૨૦૨૪	૧૨-૦૫-૨૦૨૩ રૂા. ૩૧,૯૯,૧૯૩.૦૦/-	રાજકોટ-બી

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ- ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલકતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : જુન ૦૮, ૨૦૨૪
સ્થળ : જુનાગઢ, રાજકોટ

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ